DATE :- 11-02-2026
GUJARAT SAMACHAR, PAGE-2, SURAT



### રાતે ચોકબજારમાં ભારત માતાકી જય નારા સાથે ઉજવણી

# સુરતના ગીચ વિસ્તારમાં મેટ્રો પ્રોજેક્ટની ટનલનું કામ પુર્ણ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, મંગળવાર

સુરતમાં મેટ્રોની કામગીરી શરુ કરી ત્યારે મેટ્રો દ્વારા વર્ષ ૨૦૨૨માં સુરતના રેલવે સ્ટેશન પાસેના શાફ્ટમાં પ્રથમ TBM મશીન (ટનલ બોરીંગ મશીન) ઉતાર્યું હતું. મશીન સુરત રેલવે સ્ટેશનથી ચોક બજાર સુધીમાં આશરે ૨.૮ કિમી અંતર કાપીને આજે ચોક બજાર ખાતે જમીનમાંથી નિર્ધારિત જગ્યાએ બહાર આવ્યું હતું.

## ટીબીએમ મશીન રેલવે સ્ટેશનથી ચોકબજાર સુધી ૨.૮ કિ.મીનું અંતર કાપીને જમીનમાંથી નિર્ધારીત સ્થળે બહાર આવ્યું

છેલ્લા કેટલાક સમયથી વિવાદમાં રહેલી સુરત મેટ્રોની કામગીરી હવે નિર્ણાયક તબક્કામાં આવી ગઈ છે. શહેરના કોટ વિસ્તારમાં સૌથી મુશ્કેલ ગણાતી કામગીરી પણ મેટ્રો દ્વારા પુરી કરવામાં આવી છે. સુરતના સૌથી જુના વિસ્તારમાં જમીનથી નીચે ૧૨ મીટરે આ કામગીરી કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસથી મશીન જમીનની સપાટીથી નજીક આવી રહ્યુ હોવાથી ધ્રુજારીને કારણે આસપાસની મિલકતો પણ ખાલી કરાવાઇ હતી. ક્રાઇમ બ્રાંચની કચેરીને ટેકા મારવા પડ્યા હતા. સ્થાનિકોમાં ભારે ઉચાટ હતો. ત્યારે આજે રાતે ટીબીએમ બહાર આવતા મેટ્રોના અધિકારી, ઈજનેરો, કામદારોએ ચીચીયારી અને ભારત માતા કી જય, વંદે માતરતના નારા સાથે ઉજવણી કરી હતી. આ પ્રસંગે મ્યુનિ. કમિશ્નર, ઉચ્ચ અધિકારીઓ, પોલીસ કમિશ્નર અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને (GMRCl) જણાવ્યું કે, આ પ્રક્રિયાને ટેકનીકલ ભાષામાં 'રીટ્રાઈવલ શાફ્ટ' કહેવાય છે. ત્યાં સુધી પહોંચતી વખતે મશીન જ્યારે ઉપરની સપાટી તરફ આવે છે ત્યારે દબાણને કારણે આસપાસના સ્ટ્રક્ચર્સ પર તેની અસર થતી હોય છે. સુરતના વર્ષો જૂના અને જર્જરિત મકાનો ધરાવતા વિસ્તારોમાં આ કામગીરી અત્યંત જોખમી હતી. મેટ્રોના ફેઝ-૧ માટે આજનો દિવસ મહત્વનો હતો. ડાઉનલાઇન બાદ હવે પેરેલલ અપલાઇન ટનલનું કામ પણ અંતિમ તબક્કામાં છે. આજે ચોક બજારમાં મ્ બહાર નીકળ્યા બાદ હવે આ સ્ટેશન પર ફિનિશિંગ અને ટ્રેક બિછાવવાની કામગીરી શરૂ કરાશે. સુરત મેટ્રોનો પ્રથમ તબક્કો જૂન ૨૦૨૬ સુધીમાં કાર્યરત થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.



સુરતના કોટ વિસ્તારમાં અંડરગ્રાઉન્ડ મેટ્રો પ્રોજેક્ટ અંતર્ગત ઉતારવામાં આવેલું ટીબીએમ મશીન રેલવે સ્ટેશનથી ચોકબજાર સુધી ૧.૮ કિલોમીટરનું અંતર કાપીને જમીન પર સફળતાપુર્વક બહાર આવ્યું હતું. મેટ્રો પ્રોજેકટમાં આ કપરી અને મહત્વની કામગીરી હતી.